સંધ્યાના રંગો ખૂબ ખૂલ્યા છે. છેલ્લા કેટલાય દિવસોથી આકાસમાં વાદલોની અવરજવર જોવા મળી રહી છે. સાંજના સમયે આ વાદળોમાંથી પસાર થતાં આથમતા સૂર્યના કિરણો અનોખી આભા સર્જે છે. જાણે કોઈ ચત્રકારે ગુલાબી, પીળા અનેલાલ રંગો વડે આકાશને રંગી આરંગોએકબીજામાં બેળવી દીધા હોય તેવુંલાગી રહ્યું છે. આકાશ જાણેકોઈ જાણીતા ચિત્રકારનું રંગીન ચિત્ર સમું લાગી રહ્યું છે.

ખેડૂત આંદોલનના સમર્થનમાં શંકરસિંહ વાઘેલા ઉપવાસ કરશે

ગાંધીનગર, તા. ૨૦

કેન્દ્ર સરકારે પસાર કરેલા કૃષિ કાયદા સામે ખેડૂતો જંગે ચઢ્યા છે. દિલ્હીમાં ખેડૂતો ઉપવાસ પર બેઠા છે ત્યારે ગુજરાતના રાજકીય આગેવાન શંકરસિંહ વાઘેલાએ ખેડૂતોના સમર્થનમાં ઉપવાસ પર ઉતરવાની જાહેરાત કરી છે. ખેડૂતોની માંગ સંતોષવામાં નહી આવે તો તેઓ ૨૫મી ડિસેમ્બરથી આમરણાંત ઉપવાસ પર ઉતરશે.

નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો છેલ્લા ઘણા દિવસોથી આંદોલન કરી રહ્યા છે. અનેક વાટાઘાટો બાદ પણ કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા ત્રણ કાયદા પરત લેવા ખેડૂતો અડગ છે. ગુજરાતમાં પણ ખેડૂત

આંદોલનને ધીમે ધીમે સમર્થન મળી રહ્યું છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકીય અગ્રણી શંકરસિંહ વાઘેલાએ ખેડૂતોના આંદોલનના સમર્થનમાં આમરણાંત ઉપવાસની જાહેરાત કરી છે. તેમની આ જાહેરાતને પગલે રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. શંકરસિંહ વાઘેલાએ કહ્યુ છે કે વાજપેયીજીની જન્મતિથિ ૨૫મી ડિસેમ્બર સુધી સરકાર ખેડૂતોની માંગ નહી સ્વીકારે તો તેઓ દિલ્હી રાજઘાટ ખાતે આમરણાંત ઉપવાસ પર ઉતરશે.

ખૂણેખાંચરેથી

- રાજયના મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે આજે રજાના દિવસે પણ ૧૨ વાગે વિડીયો કોન્ફરન્સ જિલ્લાઓમાં કરી વેકસીનેશન તેમજ કોરોનાની સ્થિતિ અને શહેરી વિસ્તારોમાં ક્લીનીક શરૂ કરવાના મુદ્દે સમીક્ષા કરી હતી.
- ગઈકાલના ઠંડીના માહોલ પછી આજે નગરમાં ટ્રાફિક પણ હળવો હતો તેમજ નગરજનોએ પણ બહાર નીકળવાનું ટાળ્યુ હતુ.
- છેલ્લા ૪ દિવસથી જિલ્લામાં કોરોનાના કેસો ઘટવાના શરૂ થયેલા ટ્રેન્ડમાં આજે ૪૦ થી પણ ઓછા કેસ નોંધાયા છે.
- ૫૦ થી નીચેની વયના કો.મોર્બિડ દર્દીઓને કોરોના વેક્સીન માટે શરૂ કરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સંપન્ન થયુ છે.
- રાયસણ, રાંદેસણ સહિતના ગામોમાં ઘણા વિસ્તારોમાં અને માર્ગો પર સ્ટ્રીટલાઈટ ઝડપથી લગાવવા માટે જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોરે માંગ કરી છે.
- પંચાયતોની ચૂંટણી માટે ડી.ડી. પટેલ અને એસ.પી. ઠાકોરને જિલ્લાના સહ ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે તેમ ભાજપના સૂત્રોએ જણાવ્યુ છે. હવે પંચાયતની બેઠક દીઠ સહ ઈન્ચાર્જની નિમણુંક કરવામાં આવશે.
- ૨૮મી ડિસેમ્બર એ કોંગ્રેસ પક્ષનો ૧૩૬મો સ્થાપના દિવસ હોઈ કાર્યકરોને તેમના ઘરે ધ્વજારોહણ કરવા અમીત ચાવડાએ સૌને અપીલ કરી જણાવ્યું છે.

કોલવડા ગામની સીમમાં જુગાર રમતા ચાર ઝડપાયા

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામની સીમમાં જુગાર રમી રહેલા ચાર શખ્સોને પોલીસે દબોચી લીધા છે. પોલીસને જોઈને જુગારીમાં દોડધામ મચી જવા પામી હતી જેમાં બે જુગારી ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે દાવ પરથી રૂ.૮૭૦ અને રૂ.૨૫૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન, રૂ.૨૫ હજારના બે બાઈક મળીને કુલરૂ.૨૮,૩૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના કર્મચારીઓ શનિવારના રોજ પેટ્રોલીંગમા હતા તે સમયે કોલવડા ગામે જુગાર અંગેની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે કોલવડા થી પુન્દ્રાસણ તરફ જતા માર્ગ પર ખરાબામાં જુગાર રમી રહેલા જુગારીઓ પર રેઈડ પાડી હતી. જેમાં પોલીસના હાથે ત્રણ જુગારી આવી ગયા હતા અને બે ફરાર થઈ ગયા હતા. પોલીસે પકડેલા જુગારીઓમાં કોલવડાના કરણ કચરાજી ઠાકોર(૩૨), મોટીઆદરજના ગોપાલજી મણાજી ઠાકોર (ઉં.૨૯) અને અલ્પેશજી દશરથજી ઠાકોર (ઉં.૩૩), નો સમાવેશ થાય છે. જયારે ભાગી ગયેલા યુવકમાં કોલવડાનો દિનેશજી મંગાજી ઠાકોર નું પ્લેટીના બાઈક નં.જી.જે.૦૨. બી.ઈ.-૧૧૮૨ અને બીજા ભાગી ગયેલા યુવકનું નામ થી પકડાયેલા જુગારી અજાણ હતા. ડીસ્કવર બાઈક નં.જી.જે.૧૮. એ.એન.-૧૪૨૯ બાઈક પણ પોલીસે જમ કર્યું હતું. પોલીસે બે બાઈક, બે મોબાઈલ અને રોકડા રૂ.૮૭૦ મળી કુલ રૂ.૨૮,૩૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી પાંચ શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પાટીદાર સમાજનું ગૌરવ

ભાવપુરા, કડીના વતની શ્રી રાજુભાઈ ચિમનભાઈ પટેલના સુપુત્ર શ્રી વેદાંત પટેલની યુ.સ.એ.ના નવા રાષ્ટ્રપતિ શ્રી જોન બિડેનના આસિસ્ટન પ્રેસ સેક્રેટરી તરીકે નિમણૂક કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં મહેસાણા જિલ્લાના પાટીદાર પરિવારોનો આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે છેલ્લાં કેટલાક વર્ષોથી દબદબો છે. વેદાંત પટેલે કડી અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

અમદાવાદમાં ઠંડી વધી જતા કોરોના વાયરસે માથું ઉચક્યું

અમદાવાદ શહેરમાં ઠંડીનું જોર વધતા વિવિધ વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ વધવાની શરૂઆત થવા પામી છે

અમદાવાદ, તા. ૨૦

શહેરમાં ઠંડીનું જોર વધતા જ વિવિધ વિસ્તારોમાં કોરોનાના કેસ વધવાની શરૂઆત થવા પામી છે. જોકે તેમ છતાં મ્યુનિ. ચોપડે નજીવી સંખ્યા વધી છે. આટલું જ નહીં, આંકડા સેન્સર કરવાના આક્ષેપો સાચા ઠેરવતા હોય તેમ મ્યુનિ.તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડામાં એક્ટિવ કેસના આંકડામાં આશ્ચર્યજનક સામ્યતા જોવા મળી હતી. મ્યુનિ. કચેરીમાં છૂટાછવાયા કેસ નોંધાવાનું ચાલુ છે અને હાલ કોલ્ડવેવ જેવી પરિસ્થિતના કારણે લોકોમાં શરદી-ખાંસીનું પણ પ્રમાણ જોવા મળી રહ્યું છે. એવામાં લોકોને ભય સતાવી રહ્યો છે. સાથે જ કોઈને કોરોના થાય તો પરિવાર અને પાડોશીઓને બચાવવા માટે શરૂઆતમાં કરવામાં આવતી નક્કર કાર્યવાહી હવે કરવામાં આવતી નથી, ઢીલાશ દાખવવાના કારણે અસંખ્ય કિસ્સામાં પરિવારનાં કોઈ એક વ્યક્તિને લક્ષણ બહાર આવે ત્યાં સુધીમાં અન્ય સદસ્યોને પણ ચેપ લાગી ગયો હોવાનું જણાય છે.

મ્યુનિ. કર્મચારી સૂત્રોના જણાવ્યા મુજબ, શહેરમાં કોરોનાના કેસ વધવાની સાથે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં તથા કોવિડ કેર સેન્ટર અને હોમ આઈસોલેશનમાં રખાયેલા પોઝિટિવ પેશન્ટને ડિસ્ચાર્જ આપવાનું પ્રમાણ જાળવી રાખવામાં આવતું હોય તેમ આંકડા પરથી લાગી રહ્યું છે. એવામાં કર્મચારીઓ પણ જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા બે આંકડામાં આવી જશે તેવી મજાક ઉડાવી રહ્યા છે.

એએમસીની યાદી મુજબ, શુક્રવારે ઉ. પશ્ચિમ, પશ્ચિમ, દક્ષિણ, પૂર્વ અને મધ્ય ઝોનમાં કોરોનાના ૩૯-૩૦ જેટલા એક્ટિવ કેસ વધ્યા હતા. પરંતુ મધ્ય અને પૂર્વ ઝોનના એક્ટિવ કેસની સંખ્યા ૨૫૩-૨૫૩ તેમ જ પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ ઝોનના એક્ટિવ કેસોની સંખ્યા ૪૨૪-૪૨૪ ઉડીને આંખે વળગે તે રીતે એક જેવી દેખાઈ રહી છે. એવામાં આંકડા સેટ કરનારાથી ક્યાંક ભૂલ તો નથી થઈ ગઈ ને? એવા પણ કટાક્ષ કરાઈ રહ્યો છે. હાલમાં પશ્ચિમ, ઉ.પશ્ચિમ, દ.પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં છેલ્લા કેટલાક દિવસોથી એક્ટિવ કેસની સંખ્યા ૪૦૦ ઉપર નોંધાઈ રહી છે,જયારે પૂર્વ ઝોનમાં ૨૫૦ આસપાસ નોંધાય છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની મીટીંગ પ્રેરણા સ્કૂલ ખાતે યોજાઈ હતી. પ્રમુખ કેસરીસિંહ બિહોલા, પ્રદિપસિંહ બિહોલા તથા અન્ય સભ્ય આ બેઠકમાં હાજર રહ્યા હતા અને શહેરના પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સ્વામી, હુ જ્યારે ફોન ચાર્જીગમાં મુકુ છું ત્યારે જ હું કોણ છું ? અને પ્રભુ પ્રાસી કેમ કરવી તેના વિચાર આવે છે...તમનેય આવું થાય છે ?..!!

૮૦ હજાર, ૪ તોલા સોનું લઈ મિત્ર સાથે દીકરી ભાગી ગઈ

અમદાવાદ,તા.૨૦

અમદાવાદમાં એક યુવતી તેના મિત્ર સાથે ભાગી ગઈ હોવાની આશંકા યુવતીના પિતાએ વ્યકત કરી છે. યુવતી ઘરેથી રૂપિયા ૮૦ હજાર રોકડા અને સોનાના દાગીના લઈને ફરાર થઈ જતા તેના પિતાએ તેના વિરુદ્ધ ચોરીની ફરિયાદ દાખલ કરાવી છે. કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ પોલીસ ફરિયાદ આપી છે કે તેની પુત્રી છેલ્લા આઠેક મહિનાથી સરદાર મોલ પાસે ખાનગી નોકરી કરે છે. જે નોકરીનો સમય સવારે ૯ થી રાત્રીના ૯ વાગ્યા સુધીનો હોય છે. ગઈકાલે તે નોકરી ગયા બાદ સમયસર પરત ફરી ન હતી. જેથી ફરિયાદીની પત્નીએ ફરિયાદીને આ બાબતની જાણ કરી હતી અને ફરિયાદીએ યુવતીની ઓફિસમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ત્યારે ઓફિસ એ ગઈ જ ના હતી. જેથી ફરિયાદીએ તેમના સગા સંબંધીઓમાં યુવતીની શોધખોળ શરૂ કરી હતી. પરંતુ ત્યાં પણ તે મળી આવી ન હતી. બાદમાં ઘરે આવીને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ફરિયાદીની પુત્રી તેના ઘરની તિજોરીમાં રૂપિયા ૮૦ હજાર રોકડા અને ચાર તોલા સોનાના દાગીના લઈને ફરાર થઈ ગઈ છે.

ગુજરાત કોંગ્રેસના ૧૦ નેતા કે જેઓ વફાદાર રહ્યાં પણ હાઈકમાન્ડની નજરમાં વસ્યા નહીં

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગુજરાત કોંગ્રેસનો એક જમાનો હતો. રાજ્યની સ્થાપના પછી ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે કાન્તિલાલ ધીયા, રતુભાઈ અદાણી, જીણાભાઈ દરજી, કુમુદબેન જોષી, માધવસિંહ સોલંકી, હિતેન્દ્ર દેસાઈ, અહમદ પટેલ, પ્રબોધ રાવળ, સીડી પટેલ, અમરસિંહ ચૌધરી, બીકે ગઢવી જેવા ધુરંધર ખેલાડીઓ નિયુક્ત થયેલા છે. આજે પ્રદેશ

ભાજપનો એક જ મંત્ર : દેશની બધી પાર્ટી સાફ કરી બધાં રાજ્યોમાં કેસરિયો લહેરાવો

પ્રમુખના પદની ગરિમા જાળવી શકે તેવો મોટાગજાનો કોઈ નેતા પાર્ટી પાસે નથી. છેલ્લા ૩૦ વર્ષમાં આવેલી ચૂંટણીમાં અનેક પછડાટ પછી પણ કોંગ્રેસને કોઈ તારણહાર મળી શક્યો નથી. અત્યાર સુધીમાં ત્રણ પ્રદેશ પ્રમુખ રાજ્યના મુખ્યમંત્રી બની ચૂકેલા છે પરંતુ આજે જે નેતાઓ ટોચક્રમે છે તેઓ ખુદ ચૂંટણી જીતી શકે તેવી સ્થિતિમાં નથી. નામશેષ થયેલી પાર્ટીમાં એક અંદાજ પ્રમાણે ૧૧૫ થી વધુ પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ સંસદસભ્યો સહિતના ટોચના આગેવાનો ભાજપમાં જતા રહ્યાં હોવા છતાં જેમણે પાર્ટીને વફાદાર રહીને કામ કર્યું છે તેવા ૧૦ એવા ચહેરા છે કે જેમને સંગઠનમાં કોઈ ઉંચો હોદ્દો હાઈકમાન્ડ આપી શક્યું નથી. આ નેતાઓમાં તુષાર ચૌધરી, હિમાંશુ પટેલ, મનીષ દોશી, નિશિત વ્યાસ, જગદીશ ઠાકોર, પુંજા વંશ, અનિલ જોષીયારા, અશ્વિન કોટવાલ, વિરજી ઠુમર અને શૈલેષ પરમારનો સમાવેશ થાય છે. કોંગ્રેસમાં સૌથી મોટી કમજોરી એ છે કે બહારથી આવેલા નેતાઓને જૂની કોંગ્રેસના નેતાઓએ કદી સ્વિકાર્યા નથી. અછૂત રાખ્યા છે, જેમાં જનતાદળ (ગુજરાત), ભાજપ, રાજપા અને અન્ય દળો છે, જ્યારે ભાજપમાં ગયેલા કોંગ્રેસના નેતાઓને ભાજપે ઉમળકાભેર સ્વિકાર્યા છે અને આજે તેઓ સરકાર અને પાર્ટીમાં ટોચના સ્થાને છે. બન્ને પાર્ટીઓ વચ્ચે આ ડિફરન્સ ગેપ ખૂબ મોટો છે.

- **વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારોના સંકેત...**

ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે ત્યારે સરકારના વહીવટી તંત્રમાં ફેરબદલના ફરીથી સંકેત પ્રાપ્ત થયાં છે. ઘણાં લાંબા સમય સુધી રાહ જોયા પછી ઉચ્ચ સનદી અધિકારીઓને એવી આશા બંધાઈ છે કે મુખ્યમંત્રી વિજય રૂપાણી બદલીની ફાઈલ પર મહોર મારશે. સચિવાલયના વિભાગો ઉપરાંત બોર્ડ-કોર્પોરેશન, જિલ્લાના વહીવટી તંત્ર તેમજ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓમાં મોટાપાયે બદલીઓ થવાની છે. એ ઉપરાંત જેમને વધારાના હવાલા આપવામાંઆવ્યા છે તેની જગ્યાએ કાયમી નિયુક્તિ પણ કરવામાં આવી શકે છે. સચિવાલયના સૂત્રો કહે છે કે સચિવાલય ઉપરાંત જિલ્લાકક્ષાની મળીને કુલ ૮૦થી વધુ સનદી અને ઉચ્ચ ઓફિસરોની બદલીઓ થવાની છે. આઈએએસ, જીએએસ ઉપરાંત આઈપીએસ કક્ષાએ પણ મોટા બદલાવ આવી રહ્યાં છે. પોલીસ ભવન ઉપરાંત જિલ્લા અને મહાનગરના પોલીસ વડા સહિતના પોલીસ ખાતાના અધિકારીઓની સામૂહિક ટ્રાન્સફરનો એલાર્મ વાગી ચૂક્યો છે. વહીવટી તંત્રમાં ફેરબદલ કરવો હોય તો સરકારમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, ચીફ સેક્રેટરી અનિલ મુકિમ, સીએમઓના કે કૈલાસનાથન અને જીએડીના ચીફ કમલ દાયાની મુખ્ય ભૂમિકા ભજવતા હોય છે.

- **ગુજરાતથી શરૂ થઇ પણ ફેલાઇ આખા દેશમાં...**

એક સમયે કોંગ્રેસ મુક્ત ગુજરાતનો નારો આપનારા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં શાસનના સૂત્રો સંભાળ્યા પછી તેમના સાથી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ચાણક્ય ચાલથી વિપક્ષને તોડવાનું મહા અભિયાન શરૂ કર્યું છે. ભાજપનો નવો મંત્ર છે કે આખા દેશમાં કેસરિયો લહેરાવો જોઈએ. આ દિશામાં હવે મમતા બેનરજીનું પશ્ચિમબંગાળ પણ આવી ગયું છે. મમતા બેનરજીના શાસનને આંચકો આપવા માટે ટીએમસીને તોડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. બેનરજીના પાર્ટીના ચૂંટણી જીતી શકે તેવા ધારાસભ્યો તેમજ દીદીના ધારાસભ્યો પૈકી ૫૦ ટકા ૨૦૨૨ની ચૂંટણી પહેલાં ભાજપનો કેસરિયો પહેરી ચૂક્યાં હશે. ભાજપની કોંગ્રેસ તોડો રણનીતિ ગુજરાતની જેમ બીજા રાજ્યોમાં પણ મશહૂર બનતી જાય છે.

- **લોકો ચૂકવતાં રહ્યાં, સરકાર કમાણી કરતી રહી...**

ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી તેમજ નાણામંત્રી નીતિન પટેલ એવો હિસાબ આપે છે કે કોરોના સંક્રમણના સમયમાં પણ ગુજરાતમાં છેલ્લા ૧૦ મહિનામાં પેટ્રોલિયમ પેદાશોમાંથી સરકારને ૧૪૫૧૦ કરોડ રૂપિયાની આવક થઈ છે. સરકાર આ આંકડાને જુદી રીતે મૂલવે છે. સરકાર કહે છે કે કોરોના સંક્રમણના વિપરિત સંજોગોમાં પણ ગુજરાતમાં પેટ્રોલ ડીઝલ અને ગેસના વપરાશમાં વધારો થયો છે અને તેના પર ટેક્સની આવકમાં પણ વધારો થયો છે. માર્ચ ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦ના મહિનાઓમાં સરકારને પેટ્રોલ પેટે ૨૮૪૯ કરોડ રૂપિયા, ડીઝલ પેટે ૬૬૫૦ કરોડ રૂપિયા અને ગેલ પેટે ૫૦૧૧ કરોડ રૂપિયાનો ટેક્સ મળ્યો છે. આજે જયારે પેટ્રોલ અને ડીઝલના ભાવ પ્રતિ લીટરે ૮૦ રૂપિયા થયાં છે ત્યારે તેમાં ૫૦ ટકા સરકારના ટેક્સની આવક છે. એટલે કે સરકારનો ટેક્સ ના હોય તો લોકોને ૪૦ રૂપિયે પેટ્રોલ અને ડીઝલ મળી શકે, પરંતુ સરકારને તિજોરી ભરવાની છે તેથી આ વિશાળકાય બર્ડન એન્ડ યુઝર્સ પર ગયું છે. સરકારને એ સ્થિતિની ખબર હશે કે ડીઝલના ભાવ જેટલા વધશે તેનાથી બમણી મોંઘવારી વધશે. સરકાર પેટ્રોલમાં ભલે ઉંચા ટેક્સ વસૂલ કરે પરંતુ ડીઝલને ટેક્સના તીવ્ર ભારણમાંથી રાહત આપવી જોઈએ કે જેથી લોકોનું જીવન ધોરણ સુધરી શકે અને ઘરના બજેટ છિન્ન-ભિન્ન થતાં અટકે.

પાટીલ "ભાઉ" નો પેજ પ્રમુખનો પ્રયોગ સફળ રહ્યો તો કોંગ્રેસ રાજ્યમાંથી નામશેષ થશે

- **પેજ પ્રમુખનું શસ્ત્ર ભાજપ માટે મતોનું ઘોડાપૂર...**

ગુજરાત ભાજપના છેલ્લા ચાર પ્રદેશ પ્રમુખની સરખામણીએ સૌથી વધારે એક્ટિવ એવા સીઆર પાટીલનું પેજ પ્રમુખનું અભિયાન તેમને ૨૦૨૨માં સફળતા અપાવશે તેવો દાવો તેમના સમર્થકો કરી રહ્યાં છે. જો કે એક હકીકત એવી છે કે ચૂંટણીમાં બુથ મેનેજમેન્ટ, માઈક્રો પ્લાનિંગ અને સ્ટેટેજી બનાવવામાં ભાજપ અન્ય પાર્ટીઓ કરતાં ચઢિયાતું છે. પાર્ટી પાસે હાઈટેક મશીનરી છે જે સોશ્યલ મિડીયાનું સતત અપડેટ રાખે છે. આ વખતે ભાજપની ચૂંટણી રણનીતિના ખેલાડીઓ ખાસ પેજ પ્રમુખ હશે. પેજ પ્રમુખની ફોર્મ્યુલા નરેન્દ્ર મોદી અને અમિત શાહની હતી જેણે પહેલાં ગુજરાતમાં ભાજપને સફળતા અપાવી છે અને હવે સીઆર પાટીલ પણ એ જ રસ્તે જઈ રહ્યાં છે જે કોંગ્રેસ માટે અત્યંત જોખમી બની શકે તેવા સંકેત અત્યારથી જ મળી રહ્યાં છે, કારણ કે પ્રત્યેક ચૂંટણી સમયે કોંગ્રેસનું બુથ મેનેજમેન્ટ અત્યંત કંગાળ છે. એક વોટર લિસ્ટમાં એક પેજ પ્રમુખ હશે. એટલે કે અંદાજે ૫૦ મતદારો વચ્ચે એક પેજ પ્રમુખ હશે. પેજ પ્રમુખ ઉપરાંત પ્રત્યેક બુથ પર સ્માર્ટફોન સાથે કાર્યકરોની યાદી બનશે. સામાન્ય રીતે ચૂંટણી ગેમપ્લાનમાં પેજ ઈન્ચાર્જની ભૂમિકા બહું જ મહત્વની હોય છે. ગુજરાતમાં આ પ્લાન પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે તૈયાર કર્યો છે. અગાઉ ગુજરાતની ચૂંટણીમાં ૬૦ મતદારો વચ્ચે એક પેજ પ્રમુખ હતો. પેજ પ્રમુખ હંમેશા તેના ઘરમાંથી વોટ માગવાની શરૂઆત કરતો હોય છે. પેજ પ્રમુખના વોર્ડની યાદીમાં નામ, સરનામું, મોબાઈલ નંબર, આધાર કાર્ડ નંબર, મતદારયાદી ક્રમાંક, જન્મતારીખ, લગ્ન તારીખ અને બ્લડગ્રુપ લખવામાં આવે છે.

- **કોરોના વેકસિન આવશે પણ માસ્ક જશે નહીં...**

દેશ અને દુનિયા અત્યારે કોરોના વેક્સિન અને વેક્સિનેશન પર વધારે ભાર મૂકી રહી છે ત્યારે આરોગ્ય વિભાગના એક ઉચ્ચ અધિકારીએ ચોંકાવનારૂં બયાન એવું આપ્યું છે કે જ્યાં સુધી કોરોના પોઝિટીવના કેસ ઝીરો લેવલ સુધી ન આવે ત્યાં સુધી માસ્ક જશે નહીં. વેક્સિન લીધા પછી પણ માસ્ક પહેરવું અનિવાર્ય બનશે. રાજ્ય સરકાર અત્યારે બજેટની તૈયારીમાં લાગેલી છે ત્યારે કોરોના વેક્સિન અને તેને ફાળવવા માટેના બજેટની ચર્ચા ટોચક્રમે છે. નાણાં વિભાગના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે ૨૦૨૧-૨૨ના સામાન્ય બજેટમાં વેક્સિનેશન અભિયાન માટે પ્રથમવાર આરોગ્ય વિભાગ માટે મોટી રકમની જોગવાઈ કરવામાં આવે તેવી સંભાવના છે.

કોરોનાના ૧૦ મહિના : લોકોના ખિસ્સાં ખાલી અને સરકારને ૧૫૦૦૦ કરોડની કમાણી